ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

માનવતા લજવાઈ | મુસાફરખાનામાં સૂતેલી માસુમ બાળકીની નિર્મમ હત્યાના પગલે રોષ ભડક્યો

વાસદમાં ૪ વર્ષની માસૂમ બાળકીનું અપહરણ કરી નરાધમે ક્રૂર હત્યા કરી

અડાશ રેલવે ટ્રેક પરથી માથું કપાયેલો મૃતદેહ મળતા પંથકમાં અરેરાટી સાથે ભારે રોષ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૯

વાસદ રેલવે સ્ટેશન પરથી રહસ્યમય રીતે ગાયબ થયેલી ૪ વર્ષની બાળકીનો અડાસ ટ્રેક પરથી માથું કપાયેલી હાલતમાં લોહીલુહાણ મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં હાહાકાર મચી ગયો છે. એક ૨૫ થી ૩૦ વર્ષના નરાધમે નિદ્રાધીન બાળકીનું અપહરણ કરી તેને મોતને ઘાટ ઉતારી દેતા માનવતા લોહીલુહાણ થઈ છે.

આણંદ રેલવે સ્ટેશન પોલીસ મથકે મૃતક બાળકીના પિતાએ નોંધાવેલી હૃદયદ્રાવક ફરિયાદ મુજબ, શનિવારે રાત્રે આશરે ૦૮:૩૦ વાગ્યાના સુમારે તેમણે પોતાની ૪ વર્ષની વહાલી દીકરીને સ્ટેશનના મુસાફરખાનામાં સુવડાવી હતી. પિતાની નજર સામે જ કોઈ નરાધમ ત્રાટકશે તેની કલ્પના પણ નહોતી. થોડીવારમાં જ બાળકી ત્યાંથી રહસ્યમય રીતે ગુમ થઈ ગઈ હતી. સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસતા સામે આવ્યું કે ૨૫ થી ૩૦ વર્ષનો એક અજાણ્યો શખ્સ આ માસૂમ કળીને ઉઠાવી ગયો હતો.

ક્રૂરતાની પરાકાષ્ઠા ત્યારે જોવા મળી જ્યારે બાળકીની શોધખોળ માટે પોલીસ અને રેલવે તંત્ર કામે લાગ્યું હતું, પરંતુ રવિવારે જે સમાચાર મળ્યા તેણે સૌના કાળજા કંપાવી દીધા હતાં. અડાશ રેલવે સ્ટેશન નજીક ટ્રેક નંબર 416/20 અને 416/22 ની વચ્ચેથી બાળકીનો માથું કપાયેલો મૃતદેહ મળી આવ્યો હતો. પોતાની લાડકવાયીની આ હાલત જોઈને પરિવાર પર આભ તૂટી પડ્યું હતું અને તેમના આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું હતું.

જોકે, નરાધમની શોધખોળ માટે પોલીસે અજાણ્યા હત્યારા સામે અપહરણ અને હત્યાનો ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. સીસીટીવી ફૂટેજમાં દેખાતા શખ્સનું પગેરું મેળવવા અને પોસ્ટમોર્ટમ રિપોર્ટના આધારે આ ક્રૂર હત્યા પાછળનો હેતુ જાણવા પોલીસે અલગ-અલગ દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે. સ્થાનિકોમાં પણ આ ઘટનાને પગલે ભારે રોષ જોવા મળી રહ્યો છે અને હત્યારાને કડકમાં કડક સજા થાય તેવી માંગ ઉઠી છે. વાસદમાં થયેલી હત્યા પાષાણ હૃદયના માનવીને પણ હચમચાવી દે તેવી ક્રૂર છે. આ અંગે હત્યારાને તાત્કાલીક શોધવા રેલવે પોલીસે પણ વિવિધ ટીમ કામે લગાડી છે અને સ્થાનિક પોલીસની મદદ લીધી છે.

શિક્ષકોનું મહેકમ બચાવવા આચરાતી 'બોગસ' એડમિશન સામે કાર્યવાહી

આણંદમાં શૂન્ય હાજરીવાળી શાળાઓ બંધ કરવાનો આદેશ

શાળામાં બોગસ એડમિશન પકડાશે તો શિક્ષકો અને TPEO સામે થશે કડક કાર્યવાહી

(પ્રતિનિધિ) આણંદ તા.૧૯

આણંદ જિલ્લા સહિત રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની સંખ્યા (મહેકમ) જાળવી રાખવા માટે આચરવામાં આવતી ગેરરીતિઓ ડામવા શિક્ષણ વિભાગે કડક આદેશો જાહેર કર્યા છે. ઘણી શાળાઓમાં મહેકમ ટકાવી રાખવા અથવા વધારાના શિક્ષક મેળવવા વિદ્યાર્થીઓની સંખ્યામાં કૃત્રિમ રીતે વધારો દર્શાવવામાં આવતો હોવાનું વિભાગના ધ્યાને આવ્યું છે. હવેથી ૩૧ જુલાઈની સ્થિતિએ જનરલ રજિસ્ટર (GR) પર નોંધાયેલા વાસ્તવિક વિદ્યાર્થીઓના આધારે જ મહેકમ મંજૂર કરવામાં આવશે.

રાજ્ય સરકાર આ વર્ષે મહેકમ મંજૂરીની સમગ્ર પ્રક્રિયા ડિજિટલ ટ્રેકિંગ અને ઓનલાઈન ક્રોસ-વેરિફિકેશન દ્વારા પારદર્શક બનાવવા જઈ રહી છે. શિક્ષણ વિભાગના અવલોકન મુજબ, ૩૧ જુલાઈના કટ-ઓફ સમયગાળા દરમિયાન નજીકની ખાનગી શાળાઓમાંથી વિદ્યાર્થીઓને લાવી ચોપડે હાજરી બતાવવામાં આવે છે અને મહેકમ મંજૂર થયા બાદ તેમને પરત મોકલી દેવાય છે.

મહેકમ નક્કી કરવાના નવા નિયમો અને ઓનલાઈન મોનિટરિંગ

ડિજિટલ વેરિફિકેશન: મહેકમ નક્કી કરવા માટે ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ (CTS) અને ટીચર પોર્ટલ પરની વિગતોને જ મુખ્ય આધાર માનવામાં આવશે.

સઘન તપાસ: જો કોઈ શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યામાં અચાનક એવો ઉછાળો જણાય જેનાથી નવો શિક્ષક મળવાપાત્ર થતો હોય, તો તેની કડક તપાસ થશે.

શૂન્ય હાજરી: જે શાળાઓમાં એકપણ વિદ્યાર્થી નોંધાયેલ નથી અથવા હાજરી શૂન્ય છે, તેવી શાળાઓને તાત્કાલિક બંધ કરાશે.

પેટલાદમાં મૃતકની જમીન પચાવી પાડવાનો કારસો

(પ્રતિનિધિ) પેટલાદ તા.૧૯

પેટલાદના પોરડા ગામની સીમમાં આવેલી કરોડોની ખેતીલાયક જમીન પચાવી પાડવા વર્ષો પહેલા મૃત્યુ પામેલા મૂળ માલિકના નામે બોગસ આધારકાર્ડ અને ગ્રામ પંચાયતના ખોટા દાખલા બનાવી જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લેવાના મામલે મહેળાવ પોલીસે ચાર શખ્સો સામે ગુનો નોંધ્યો હતો.

પેટલાદના પોરડા ગામની સીમમાં આવેલી કિંમતી જમીનના મૂળ માલિક હિંમતલાલ ગંગાશંકર જોષીનું વર્ષ ૧૯૭૪માં અવસાન થયું હતું. આ જમીન પચાવી પાડવાના ઈરાદે ખાંધલી ગામના ચંદુભાઈ મણીભાઈ પટેલે અન્ય આરોપીઓ સાથે મળીને એક ગંભીર કાવતરું ઘડ્યું હતું. તેઓએ હિંમતલાલના નામે એક મળતું-ભળતું નામ ધરાવતો ખોટો ઈસમ ઊભો કર્યો હતો.

આ ષડયંત્રને અંજામ આપવા માટે આરોપીઓએ બાંધણી ગ્રામ પંચાયતનો ખોટો દાખલો તથા બોગસ આધારકાર્ડ જેવા સરકારી દસ્તાવેજો બનાવ્યા હતા. આ નકલી દસ્તાવેજોના આધારે વર્ષ ૨૦૨૧માં જમીનનો વેચાણ દસ્તાવેજ પણ કરાવી લેવામાં આવ્યો હતો. આ સમગ્ર છેતરપિંડીનો મામલો આણંદ કલેક્ટર કચેરી ખાતે જિલ્લા જમીન તકેદારી સમિતિ (SIT) સમક્ષ પહોંચ્યો હતો. સમિતિની બેઠકમાં પ્રાથમિક દ્રષ્ટિએ જ આ બાબત એક મોટા ફ્રોડ તરીકે જણાઈ આવતા, કલેક્ટર દ્વારા પોલીસ ફરિયાદનો હુકમ કરવામાં આવ્યો હતો. આ હુકમ આધારે ખેડાના રહેવાસી વિજયકુમાર વ્યાસની ફરિયાદના આધારે મહેળાવ પોલીસે ચંદુ મણીભાઈ પટેલ (ખાંધલી), રમેશભાઈ ભોઈ, જમીરોદ્દીન શેખ, નરેન્દ્રભાઈ પટેલ સામે ગુનો નોંધ્યો હતો.

સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપનો મોટો ધડાકો | ડભાણ બ્રીજ પાસે એક્સેસ પર જતો નશાનો જથ્થો આંતરાયો

નડિયાદમાં ઓડિશાથી લવાયેલો લાખોના ગાંજા સાથે બે ઝડપાયા

એક પુખ્ત વયનો શખ્સ અને સગીરની ધરપકડ, કુલ ૧.૪૧ લાખનો મુદ્દામાલ જપ્ત

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૯

ખેડા જિલ્લામાં નશાના કાળા કારોબારનો સફાયો કરવા માટે નડિયાદ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપએ કમર કસી છે. જિલ્લા પોલીસની સતર્કતાને કારણે નેશનલ હાઈવે નંબર 48 પર ફિલ્મી ઢબે એક ઓપરેશન પાર પાડીને ઓડિશાથી લવાયેલા લાખો રૂપિયાના વનસ્પતિજન્ય ગાંજાના જથ્થા સાથે બે શખ્સોને દબોચી લેવામાં આવ્યા છે.

નડિયાદ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની ટીમને સચોટ બાતમી મળી હતી કે, એક સફેદ રંગની સુઝુકી એક્સેસ મોટરસાયકલ પર બે શખ્સો ગેરકાયદેસર ગાંજો લઈને ડભાણ બ્રીજથી ઉતરી સર્વિસ રોડ મારફતે પીજ ચોકડી તરફ જવાના છે. આ બાતમીના આધારે ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ પોલીસે શ્રી શક્તિ માર્બલ સામે ગુપ્ત વોચ ગોઠવી હતી. આ બાતમી મુજબની એક્સેસ આવતા જ પોલીસે તેને કોર્ડન કરી રોકી લીધી હતી.

પોલીસે ચાલક જૈનમ કલ્પેશ રાજપુત (રહે. નવા બિલોદરા) અને તેની પાછળ બેસેલા 17 વર્ષીય સગીરની તલાશી લીધી હતી. આ તપાસ દરમિયાન મોટરસાયકલની ડીકીમાંથી સેલોટેપથી પેક કરેલા બે મોટા પેકેટ અને સગીરના પેન્ટના ખિસ્સામાંથી એક પ્લાસ્ટિકની પારદર્શક કોથળી મળી આવી હતી. સ્થળ પર બોલાવવામાં આવેલા એફએસએલ (FSL) અધિકારીઓએ કેમિકલ પરીક્ષણ બાદ આ જથ્થો 'ગાંજો' હોવાની પુષ્ટિ કરી હતી. આ ઓપરેશન દરમિયાન પોલીસે 2.050 કિલોગ્રામ ગાંજો, મોબાઈલ 3, વાહન, રોકડ મળી કુલ રૂ. 1,41,510નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. નડિયાદ રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ઓડિશાના સદ્દામ અને નડિયાદના વિક્રમનું નામ ખુલ્યું

એસઓજીએ પકડાયેલા શખસોની આકરી પૂછપરછ કરી હતી. જેમાં બહાર આવ્યું છે કે, ગાંજાનો આ જથ્થો ઓડિશા રાજ્યના સંભલપુર (બૌધ વિસ્તાર)માં રહેતા સદ્દામ નામના શખ્સ પાસેથી મેળવ્યો હતો. આ ઉપરાંત, સગીર પાસેથી મળેલો ગાંજો નડિયાદના તલાટીબાગ પાસે રહેતા વિક્રમ કાંગશીયા પાસેથી લાવ્યા હોવાનું કબૂલ્યું છે. આ અંગે 4 સામે ગુનો નોંધ્યો હતો.

પશ્ચિમ બંગાળનો શખસ ક્લિનિક ચલાવતો હતો

તારાપુરના ખડા ગામમાં બોગસ ડોક્ટર ઝડપાયો

પોલીસે રેડ પાડી ગેરકાયદેસર પ્રેક્ટિસનો પર્દાફાશ કર્યો

(પ્રતિનિધિ) તારાપુર તા.૧૯

તારાપુર તાલુકાના ખડા ગામે કોઈ પણ જાતની માન્ય મેડિકલ ડીગ્રી કે પ્રમાણપત્ર

વગર એલોપેથીક પ્રેક્ટિસ કરી રહેલા એક બોગસ ડોક્ટરને પોલીસે ઝડપી પાડ્યો છે. પશ્ચિમ બંગાળનો મૂળ રહેવાસી આ શખ્સ ભાડાના મકાનમાં દવાખાનું ખોલીને લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરી રહ્યો હતો. આ શખસ પાસેથી પોલીસે 42 હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, તારાપુર પોલીસ સ્ટાફને મળેલી ચોક્કસ બાતમીના આધારે ખડા ગામના એક ભાડાના મકાનમાં ઓચિંતી રેડ કરવામાં આવી હતી. આ કાર્યવાહીમાં મેડિકલ ઓફિસર અને પંચોને સાથે રાખવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન આરોપી બલારામ મનોજ હીરા (રહે. પશ્ચિમ બંગાળ) કોઈપણ માન્ય ડિગ્રી વિના દર્દીઓની સારવાર કરતો મળી આવ્યો હતો.

પોલીસે ઘટનાસ્થળેથી સ્ટેથોસ્કોપ, બી.પી. માપવાનું મશીન, થર્મલ ગન તેમજ અલગ-અલગ પ્રકારની એલોપેથીક દવાઓ, સિરપ અને ઈન્જેક્શન સહિત કુલ રૂપિયા 42,211નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. હાલમાં પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

પેટલાદ-સોજીત્રા ખરીદ વેચાણ સંઘનો ૧૮.૬૭ કરોડનો રેકોર્ડબ્રેક વેપાર થયો

અમૃત મહોત્સવના વર્ષમાં સભાસદોને ૨૦ ટકા ડિવિડન્ડની લ્હાણી

(પ્રતિનિધિ) પેટલાદ તા.૧૯

સહકારિતા ક્ષેત્રે ૭૫ વર્ષની ભવ્ય સફર પૂર્ણ કરનાર ધી પેટલાદ સોજીત્રા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લિમિટેડ₹ ની ૭૬મી વાર્ષિક સાધારણ સભા ચેરમેન શ્રી તેજસકુમાર બી. પટેલના અધ્યક્ષસ્થાને ભવ્ય રીતે યોજાઈ હતી. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ખાદીગ્રામોદ્યોગ બોર્ડના ચેરમેન લાલસિંહ વડોદિયા ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ચેરમેન તેજસકુમાર પટેલે જણાવ્યું હતું કે, સંસ્થાએ વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન રૂ.

૧૮.૬૭ કરોડનો કુલ વેપાર કરી નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. સંસ્થાએ રૂ. ૧૦.૪૯ લાખનો ચોખ્ખો નફો અર્જીત કરતા મંડળી સભાસદોને ૨૦ ટકા લેખે આકર્ષક ડિવિડન્ડ આપવાની જાહેરાત કરવામાં આવી છે. હાલમાં સંઘ સાથે ૩૬૫ વ્યક્તિગત સભાસદો અને ૭૯ સહકારી મંડળીઓ જોડાયેલી છે.

અત્રે ઉલ્લેખનિય છે કે, ડિજિટલ સેવા અને ખેડૂત કલ્યાણ સંઘ દ્વારા ૮૪ ગામોની જનતા માટે મોલ નેટવર્ક કાર્યરત છે, જેમાં તાજેતરમાં જ 'આશી' મુકામે નવા મોલનું ઉદ્ઘાટન કરાયું છે. આ ઉપરાંત, ટેકનોલોજીના ઉપયોગ સાથે ₹ગ્રામેધા એપ₹ દ્વારા ૩૦ ગામોમાં ઘરે બેઠા અનાજ અને જીવન જરૂરિયાતની વસ્તુઓ પહોંચાડવામાં આવે છે. ખેડૂતોને વ્યાજબી ભાવે ખાતર-બિયારણ પૂરા પાડવા ઉપરાંત તારાપુર ખાતે ટેકાના ભાવે (MSP) ચણા અને રાયડાની પારદર્શક ખરીદી પણ કરવામાં આવે છે.

મુખ્ય અતિથિ લાલસિંહ વડોદિયાએ સંઘના પારદર્શક વહીવટ અને ખેડૂતલક્ષી અભિગમની મુક્તકંઠે પ્રશંસા કરી હતી. આ કાર્યક્રમમાં કૃભકો અને ઈફકોના અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.

કપડવંજની ફતિયાબાદ કેનાલમાં આધેડે ઝંપલાવ્યું

કઠલાલના પહાડ ગામના આધેડે રહસ્યમય સંજોગોમાં કેનાલમાં પડતું મૂક્યું

(પ્રતિનિધિ) કપડવંજ તા.૧૯

કપડવંજ પાસે આવેલી અને હવે જાણે 'સ્યુસાઈડ પોઈન્ટ' બની રહી હોય તેવી ફતિયાબાદ કેનાલમાં વધુ એક વ્યક્તિએ મોતની છલાંગ લગાવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ બનાવને પગલે કેનાલના કાંઠે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. પ્રાથમિક અંદાજ મુજબ, આશરે ૪૦ વર્ષની વયના એક પુરુષે કેનાલમાં ઝંપલાવ્યું હોવાનું સામે આવ્યું છે.

આ ઘટનાની વિગતો મુજબ, કેનાલના કાંઠેથી તપાસ દરમિયાન એક જોડી ચંપલ અને એક થેલી મળી આવી હતી. આ થેલીમાંથી મળી આવેલા આધારકાર્ડના આધારે તપાસ કરતા, આ વ્યક્તિ કઠલાલ તાલુકાના પહાડ ગામમાં રહેતા પ્રવિણભાઈ ફતેસિંહ પરમાર હોવાનું અનુમાન કરવામાં આવી રહ્યું છે. આ દુ:ખદ ઘટનાની જાણ પ્રવિણભાઈના પરિવારને કરવામાં આવતા તેઓ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યાં હતાં.

આ અંગે પરિવારના સભ્યોએ ભારે હૈયે જણાવ્યું હતું કે, પ્રવિણભાઈને ત્રણ સંતાનો છે. આશ્ચર્યની વાત એ છે કે, ઘરે કોઈ પણ પ્રકારનો કકળાટ કે અણબનાવ બન્યો ન હતો, તેમ છતાં તેમણે આવું અંતિમ પગલું કેમ ભર્યું ? તે અંગે પરિવારજનો પણ અજાણ છે. રહસ્યમય સંજોગોમાં બનેલી આ ઘટનાને લઈને સ્થાનિક પોલીસ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે.

જંગી બાકી રકમ સામે માત્ર પ્રતિ માસે ૧૫ થી ૨૦ લાખ રૂપિયાની વસૂલાત

આણંદ જિલ્લામાં ૭૧.૮૧ કરોડ જેટલી રકમની પાણી બીલોની વસૂલાત બાકી

વસુલાતની કામગીરી કરતા તલાટીની ૧૧ વર્ષથી ખાલી જગ્યા ન ભરાતા તંત્ર પાંગળુ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૯

આણંદ જિલ્લામા સિંચાઈ વિભાગ હેઠળ બે ડિવિઝન મુજબ સિંચાઈ સંબંધિત કામગીરી કરવામાં આવે છે. આણંદ અને પેટલાદ ડિવિઝનના કુલ ૮ તાલુકા આણંદ, ઉમરેઠ, બોરસદ, આંકલાવ, પેટલાદ, સોજિત્રા, તારાપુર, ખંભાતના ખેડૂતોના પાણી વસુલાતની બિલ રકમ મેળવવા માટે ભારે દોડધામ કરવી પડી રહી છે. સમગ્ર જિલ્લામાં સિંચાઈના છેલ્લા ઘણા લાંબા સમયથી ૭૧.૮૧ કરોડના જંગી રકમની પાણી બીલોની વસુલાત બાકી છે. જો કે સિંચાઈદર વસુલાતમાં કર્મચારીઓની ઘટના કારણે વસુલાતમાં વિલંબ થતો હોવાનું જાણવા મળ્યુ છે. હાલમાં માત્ર એક સિંચાઈ દર વસુલાત મામલતદાર એકલા ફરજયુક્ત હોય વસુલાત કરવી મુશ્કેલ બની છે.

આ અંગે મળતી માહિતી મુજબ સિંચાઈ વસુલાતની કામગીરી કરતા તલાટીઓની છેલ્લા ૧૧ વર્ષથી ખાલી જગ્યા ન ભરાતા તંત્ર પાંગળુ બન્યુ હોય તેવી પરિસ્થિતિ છે. કૃષિ ક્ષેત્રે નામના ધરાવતા શ્વેત ક્રાંતિના આણંદ જિલ્લામાં જુન માસ સુધીમાં ધરતીપુત્રો પાસેથી મહી જમણાકાંઠા મુખ્ય નહેર આધારીત સિંચાઈ પિયાવાની રકમ દર વર્ષે બાકી આગળ ખેચાંતી જતી હોય છે . સરકારી લેણાના કરોડોના બોજ મુદ્દે આકરી વસુલાત માટેની કાર્યવાહી કરવામાં તંત્ર ઉણું ઉતર્યુ છે. કર્મચારી અને પુરતા મહેકમના અભાવે સિંચાઈદરમાં કામગીરી કરવી અધિકારી માટે લોઢાના ચણા ચાવવા સમાન બની છે. જેમાં આણંદ ડિવિઝનના ૧૮.૨૮ કરોડ રૂપિયા જ્યારે પેટલાદ ડિવિઝનના સૌથી વધુ ૫૩૫૩ કરોડ રૂપિયાની જંગી વસુલાત બાકી છે. ગ્રામ્યકક્ષાએ સિંચાઈદર વસુલવા માટે પુરાત પ્રયાસો કરવામાં આવતા નથી. ગ્રામપંચાયત દ્વારા ઘરવેરો, મોટરબીલના વેરા વસુલવામાં આવે છે. તેમ તમામ ગ્રામ્યકક્ષાએ ગ્રામપંચાયત દ્વારા પ્રયાસો કરવામાં આવે તો રકમ વસુલી શકાય તેમ છે.

સરદાર પટેલ યુનિ.ના સંશોધન સાધનોને ભારત સરકારની 'કૉપિરાઇટ' મહોર

દિવ્યાંગો માટે સુલભ કાર્યસ્થળ અને બાળ કુપોષણ નિવારણના વૈજ્ઞાનિક સાધનોને રાષ્ટ્રીય સ્તરે મળી માન્યતા

(પ્રતિનિધિ) આણંદ તા.૧૯

વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીએ સંશોધન અને બૌદ્ધિક સંપદાના ક્ષેત્રમાં એક વિશિષ્ટ સીમાચિહ્ન સર કર્યું છે. ભારત સરકારના કોપિરાઇટ કાર્યાલય દ્વારા યુનિવર્સિટીના વિવિધ વિભાગોના સંશોધકો દ્વારા વિકસાવવામાં આવેલા બે અલગ-અલગ સંશોધન સાધનોને સત્તાવાર કૉપિરાઇટ નોંધણી એનાયત કરવામાં આવી છે. કુલપતિ પ્રો. ડો. નિરંજન પી. પટેલના માર્ગદર્શન હેઠળ 'એસપીયુ-એસએસઆઈપી-નવધારા' દ્વારા સંશોધકોને અપાઈ રહેલા પ્રોત્સાહનને પરિણામે આ સફળતા મળી છે.

સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક સોશિયલ વર્ક વિભાગના સંશોધકો ડો. મેઘા રાઠોડ, પ્રો. ડો. બિજી થોમસ અને બ્લાઈન્ડ પીપલ્સ એસોસિએશનના ઉપનિર્દેશક ભરત જોશીએ દિવ્યાંગ વ્યક્તિઓ માટે કાર્યસ્થળે નડતા અવરોધો માપવા માટે એક વિશેષ સાધન તૈયાર કર્યું છે. આ સાધન દ્વારા ભૌતિક, મનોસામાજિક અને ટેકનોલોજી સંબંધિત અવરોધોનું વૈજ્ઞાનિક મૂલ્યાંકન કરી શકાશે, જે સંસ્થાઓને દિવ્યાંગ કર્મચારીઓ માટે વધુ સુલભ વાતાવરણ ઊભું કરવામાં મદદરૂપ થશે.

બીજો કોપિરાઇટ ઇકોનોમિકસ વિભાગના ડો. ઉર્વીશા જે. માટલીયા અને પ્રો. વિજય એસ. જરીવાલાને પ્રાપ્ત થયો છે. તેમણે પંચમહાલ જિલ્લામાં કરેલા અભ્યાસ દ્વારા બાળ વિકાસ સેવા યોજનાઓના અમલીકરણમાં આવતા અવરોધો અને આંગણવાડી કાર્યકરોની ભૂમિકાનું વિશ્લેષણ કર્યું છે. આ સંશોધનમાં એવું બહાર આવ્યું છે કે માતાનું શિક્ષણ અને આંગણવાડીમાં માળખાકીય સુવિધાઓનો અભાવ બાળ કુપોષણ પર સીધી અસર કરે છે. યુનિવર્સિટીમાં થઈ રહેલા આ

ગુણવત્તાસભર અને સમાજલક્ષી સંશોધનોને મળેલી આ માન્યતા આગામી સમયમાં શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રે નવા દ્વાર ખોલશે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225